# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 02-06-2024 Midday : 1.20 to 1.30
Day : SUNDAY National News

### આકાશવાણી સમાચાર અર્પિશા રાજપુરોહિત વાંચે છે.

---

- ✓ અરૂણાચલ પ્રદેશમાં ભાજપ ફરી સરકાર રચવા તરફ અગ્રેસર અને સિક્કીમમાં ક્રાંતિકારી મોરચાને બહુમતી મળે તેવા વલણ..
- ✓ લોકસભાની ચૂંટણીના પરિણામો માટે ખાનગી ટેલિવિઝન માધ્યમો અને અન્ય સંસ્થાઓના એક્ઝિટ પૉલના આંકડાને કૉંગ્રેસે અયોગ્ય ગણાવ્યા.
- ✓ **ચૂંટણી પછી કોઈપણ પ્રકારની હિંસા અટકાવવા માટે ચૂંટણી પંચે રાજ્યોમાં કેન્દ્રીય સુરક્ષા દળો તૈનાત કર્યા.**
- ✓ આગામી ત્રણ-ચાર દિવસ સુધી દેશના ઉત્તર-પૂર્વીય ભાગ અને દક્ષિણના કિનારાના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી.
- ✓ ઉજ્જૈનના સુપ્રસિદ્ધ જ્યોતિર્લિંગ ભગવાન મહાકાલેશ્વરના મંદિરમાં ભસ્મ આરતી માટે ત્રણ મહિના અગાઉ બુકિંગ કરાવી શકાશે.
- ✓ આઈસીસી ટી-ટ્વેન્ટી વિશ્વકપની બીજી મેચ આજે વેસ્ટ ઇન્ડિઝ અને પપુઆ ન્યુ ગિનીઆ વચ્ચે રમાશે..

*********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## VIDHANSABHA RESULTS

અરુણાચલ પ્રદેશ અને સિક્કિમમાં વિધાનસભા ચૂંટણીની મતગણતરી સરળતાથી ચાલી રહી છે. અરુણાચલ પ્રદેશની 60 બેઠકો અને સિક્કિમની 32 બેઠકો માટે 19મી એપ્રિલે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાની સાથે જ મતદાન યોજાયું હતું.

અત્યાર સુધીના વલણો દર્શાવે છે કે ભાજપ અરુણાચલ પ્રદેશમાં સત્તા જાળવી રાખવા તરફ અગ્રેસર છે જ્યારે સત્તારૂઢ સિક્કિમ ક્રાંતિકારી મોરચા સિક્કિમમાં પૂર્ણ બહુમતી મેળવવા તરફ આગળ વધી રહી છે.

## EXIT POLLS CONGRESS

કૉંગ્રેસે લોકસભા ચૂંટણી માટે ખાનગી ટેલિવિઝન માધ્યમો અને અન્ય સંસ્થાઓએ એક્ઝિટ પૉલના આંકડાને અયોગ્ય ગણાવ્યા છે.

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે કહ્યું કે, એક્ઝિટ પૉલ સંપૂર્ણ રીતે ખોટા છે. શ્રી રમેશે કહ્યું, તમામ પક્ષોના નેતાઓએ રાજ્યવાર વિશ્લેષણ કર્યું અને એ નિષ્કર્ષ પર પહોંચ્યા કે, ઈન્ડી ગઠબંધનને 295 બેઠક મળશે.

## ECI-CENTRAL-FORCES

**ચૂંટણી પછી કોઈપણ પ્રકારની હિંસા અટકાવવા માટે ચૂંટણી પંચે રાજ્યોમાં કેન્દ્રીય સુરક્ષા દળો તૈનાત કરાયા છે.**

આયોગે રાજ્યો અને કેન્દ્રીય નિરીક્ષકોના મૂલ્યાંકનના આધારે આ નિર્ણય લીધો છે. આંધ્રપ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં મતગણતરી બાદ 15 દિવસ માટે સુરક્ષા દળો તૈનાત કરાવવામાં આવ્યા છે. જ્યારે મતગણતરી બાદ બે દિવસ સુધી ઉત્તરપ્રદેશ, ઓડિશા, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશમાં સુરક્ષા દળો તૈનાત રહેશે.

## LOK-SABHA-COUNTING

ગઇકાલે પૂર્ણ થયેલી સાત તબક્કાની લોકસભા ચૂંટણી ઉપરાંત આંધ્રપ્રદેશ અને ઓડિશાની વિધાનસભાની ચૂંટણીઓ અને વિધાનસભા પેટાચૂંટણીની મતગણતરી ચોથી જૂને સવારે 8 વાગ્યે શરૂ થશે. ચૂંટણી પંચે મત ગણતરીની તૈયારીઓની સમીક્ષા કરી છે. પંચના જણાવ્યા અનુસાર, મતગણતરીનું વલણ અને પરિણામો ચૂંટણી પંચની વેબસાઇટ results.eci.gov.in (results.eci.gov.in) અને મતદાર હેલ્પલાઇન એપ પર ઉપલબ્ધ રહેશે.

## PM Modi - ECI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણી નિષ્પક્ષ અને વ્યવસ્થિત રીતે પૂર્ણ કરવા બદલ ચૂંટણી પંચની ભૂમિકાની પ્રશંસા કરી છે.

સોશિયલ મીડિયા પરની એક પોસ્ટમાં તેમણે કહ્યું કે, પંચના સમર્પણ અને વ્યવસ્થિત પ્રયાસોને કારણે ભારતીય લોકશાહીમાં લોકોની શ્રદ્ધા મજબૂત થઈ છે અને દેશવાસીઓએ વિશ્વાસ સાથે મતદાન કર્યું છે.

**શ્રી મોદીએ કહ્યું કે, ભારતની ચૂંટણી પ્રક્રિયા લોકતાંત્રિક મૂલ્યોમાં વિશ્વાસ વધારે છે.**

**પ્રધાનમંત્રીએ ચૂંટણી દરમિયાન સુરક્ષા દળોની ભૂમિકાની પણ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે સુરક્ષા દળોના કારણે સલામત વાતાવરણમાં મતદાન થયું અને લોકો સરળતાથી ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લઈ શક્યા.**

## PM MODI BETHAK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિવિધ મુદ્દાઓ અંગે આજે સાત બેઠક યોજવા જઈ રહ્યા છે.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં વાવાઝોડા પછીની સ્થિતિની સમીક્ષા કરવા, દેશમાં ભારે ગરમીની સ્થિતિની સમીક્ષા કરવા, વિશ્વ પર્યાવરણ દિવસને મોટા પાયે ઉજવવા માટેની તૈયારીઓની સમીક્ષા કરવા, તેમની નવી સરકારના 100 દિવસના કાર્યક્રમના એજન્ડાની સમીક્ષા કરવા પણ એક બેઠક યોજશે.

## ODISHA - FIRE CRACKERS

ઓડિશામાં, પુરી ખાતે ફટાકડાના જથ્થામાં થયેલા વિસ્ફોટમાં મૃત્યુઆંક 11 પર પહોંચ્યો છે, જેમાં સારવાર હેઠળ રહેલા વધુ ત્રણ લોકો આજે તેમની ઇજાઓને કારણે મૃત્યુ પામ્યા છે. બુધવારે રાત્રે ભગવાન જગન્નાથની હંદન યાત્રા દરમિયાન થયેલા વિસ્ફોટમાં ઓછામાં ઓછા 30 લોકો ઘાયલ થયા હતા.

19 ઘાયલોની પુરી, ભુવનેશ્વર અને કટકની અલગ-અલગ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે ઘટનાની તપાસના આદેશ આપ્યા છે અને મૃતકના નજીકના સંબંધીઓને 4 લાખ રૂપિયાની સહાય રકમની જાહેરાત કરી છે. દરમિયાન પોલીસે સુઓમોટુ ફોજદારી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## PREZ TRIBUTE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મધ્યપ્રદેશના શિવપુરમાં બોટ દુર્ઘટનામાં બાળકો સહિત અનેક લોકોના મૃત્યુ અંગે શોક વ્યક્ત કર્યો છે.

રાષ્ટ્રપતિએ આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના સ્વજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને ઈજાગ્રસ્તો ઝડપથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરી છે.

## WEATHER

હવામાન વિભાગે આગામી ત્રણ-ચાર દિવસ સુધી દેશના ઉત્તર-પૂર્વીય ભાગ અને દક્ષિણ તટીય વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. અરૂણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, હિમાલયના પશ્ચિમ બંગાળના ભાગો અને સિક્કિમમાં આગામી ચાર દિવસ સુધી ભારે વરસાદની સંભાવના છે.

દેશના ઉત્તર પશ્ચિમ અને પૂર્વ ભાગોમાં આગામી બે દિવસમાં મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી અને મધ્ય ભાગમાં આગામી 5 દિવસ સુધી તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, ઉત્તરાખંડ અને ઝારખંડના કેટલાક ભાગોમાં આવતીકાલ સુધી અને દિલ્હી, પૂર્વ મધ્યપ્રદેશ, છત્તીસગઢ, બિહાર અને ઓડિશામાં આજે તીવ્ર ગરમી યથાવત્ રહેશે. પશ્ચિમ રાજસ્થાનમાં ચોથી અને પાંચમી જૂને પણ તીવ્ર ગરમી પડવાની સંભાવના છે.

## PM- TELANGANA STATEHOOD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તેલંગાણાના લોકોને તેમના રાજ્યના સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે દરેક ભારતીય રાષ્ટ્રીય પ્રગતિમાં રાજ્યના યોગદાન પર ખૂબ ગર્વ અનુભવે છે. તેમણે ઉમેર્યું હતું કે આ રાજ્ય સમૃદ્ધ ઇતિહાસ અને ખૂબ જ જીવંત સંસ્કૃતિથી આશીર્વાદિત છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ આગામી સમયમાં રાજ્યના વિકાસ માટે સતત કામ કરવા માટે પ્રતિબદ્ધ છે.

## UJJAIN MAHAKAL BHASHMA AARTI

ઉજ્જૈનના સુપ્રસિદ્ધ જ્યોતિર્લિંગ ભગવાન મહાકાલેશ્વરના મંદિરમાં ભસ્મ આરતીની બુકિંગ વ્યવસ્થાને વધુ પારદર્શક બનાવવા માટે કલેક્ટર નીરજકુમાર સિંહના નિર્દેશનમાં ગઈકાલથી નવી વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. આ વ્યવસ્થા મુજબ 'પહેલા આવો અને પહેલા મેળવો'ના આધારે મહાકાલેશ્વર મંદિરની વેબસાઈટ પર પહેલી જુલાઈથી 31 જુલાઈ માટે નવ હજાર 153 શ્રદ્ધાળુઓની ભસ્મ આરતીની

અરજી સ્વીકારવામાં આવી છે. ઉપરાંત ઑગસ્ટ, સપ્ટેમ્બર અને ઑક્ટોબર મહિનાની બુકિંગ પણ કરાવી શકાશે.

કલેક્ટર નીરજકુમાર સિંહે કહ્યું કે, નવી વ્યવસ્થા મુજબ હવે શ્રદ્ધાળુઓ પહેલાથી જ ભસ્મ આરતીનું આયોજન કરી શકશે. હવે દર મહિનાની પહેલી તારીખે આવતા મહિનાની ભસ્મ આરતીનું બુકિંગ જાહેર કરી દેવામાં આવશે. તેમ જ આગામી ત્રણ મહિના માટે ભસ્મ આરતી માટેનું બુકિંગ કરાવી શકાશે.

કલેક્ટરશ્રીએ કહ્યું, 15 દિવસ પહેલા ભસ્મ આરતીનું બુકિંગ કરવામાં આવતું હોવાની વ્યવસ્થા 15 જૂનથી સંપૂર્ણ રીતે બંધ કરવામાં આવશે.

## INDIA CUBA ASSISTANCE

ભારતે આજે ક્યુબાને માનવતાવાદી સહાય રવાના કરી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા, રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે નવ 'મેડ ઈન ઈન્ડિયા' એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિયન્ટ્સ (APIs) નું 90 ટનનું કન્સાઈનમેન્ટ મુંદ્રા પોર્ટથી ક્યુબા માટે રવાના થયું છે.

તેમણે કહ્યું કે API આવશ્યક દવાઓના ઉત્પાદનમાં મદદ કરશે. પ્રવકતા રણધીર જયસ્વાલે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ સહાય વિશ્વની ફાર્મસી તરીકે ભારતની ભૂમિકાને પુનઃ પુષ્ટ કરે છે અને બે રાષ્ટ્રો ભારત અને ક્યુબા સંબંધો વચ્ચેની આપણી પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

## US CANADA T20 MATCH

આઈસીસી ટી-ટ્વેન્ટી વિશ્વકપની બીજી મેચ આજે વેસ્ટ ઇન્ડિઝ અને પપુઆ ન્યુ ગિનીઆ વચ્ચે રમાશે વિશ્વકપની પહેલી મેચમાં યુનાઈટેડ સ્ટેટ્સની ટુકડીએ કેનેડાને હરાવી વિજયી શરૂઆત કરી છે.

કેનેડાની ક્રિકેટ ટુકડીએ પ્રથમ બેટિંગ કરતાં 20 ઑવરમાં 5 વિકેટ ગુમાવી 194 રન બનાવ્યા હતા. જ્યારે યુનાઈટેડ સ્ટેટ્સની ટીમે 18 ઑવરમાં જ 195 રન બનાવી જીત હાંસલ કરી હતી. યુનાઈટેડ સ્ટેટ્સની ટીમ તરફથી એરોન જોન્સ અને એન્ડ્રીસ ગૉસે અડધી સદી બનાવી હતી.

## MEXICO PREZ ELECTION

મેક્સિકોમાં આજે નવા રાષ્ટ્રપતિ માટે મતદાન થઈ રહ્યું છે. આ ચૂંટણીમાં લોકપ્રિય રાષ્ટ્રપતિ આંદ્રેસ મેન્યુઅલ લૉપેઝ ઑબ્રેડોરના ઉત્તરાધિકારીની પસંદગી કરવા માટે મતદાન થશે.

ઉમેદવારોની મોટી સંખ્યા વચ્ચે મહિલા દાવેદાર ક્લાઉડિયા શીનબામ, વિપક્ષનાં રાષ્ટ્રપતિ પદનાં ઉમેદવાર જોચિટલ ગેલ્વેઝ, જ્યોર્જ અલ્વારેઝ મેનેજ મુખ્ય દાવેદારોમાંથી એક છે. સૌથી વિશેષ વાત એ છે કે, કોઈ મહિલા ઉમેદવાર રાષ્ટ્રપતિ બને તેવી પ્રબળ સંભાવના અત્યારે દેખાઈ રહી છે.